## ગુજરાત પોલીસ અધિનિયમ – ૧૯૫૧ ની કલમ –૩૩(૧) બી અન્વયે હુકમ

નાં.જે/એમએજી/ભારે વાહન/પ્રવેશ/પ્રતિબંધ/વશી–૬૯/૧૮

જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી,
મોરબી
તા.૬/૦૯/૨૦૧૮

–:જાહેરનામું:–

પોલીસ અધિક્ષકશ્રી, મોરબી દ્વારા તા.૯/૦૮/૨૦૧૮ ના પત્ર નં. જિલ્લા ટ્રાફિક /૨૮૮/૨૦૧૮ થી જણાવ્યા મુજબ મોરબી શહેરની ભૌગોલિક પરિસ્થિતિ જોતાં જૂના–પુરાણા સાંકડા રોડ છે. મોરબીમાં સિરામીક એકમોના કારણે વસ્તીગીચતામાં વધારો થયેલ છે. જેથી ટુ–વ્હીલર, થ્રી–વ્હીલર તેમજ ફોર–વ્હીલર વાહનોની સંખ્યામાં સતત વધારો થતો રહ્યો છે. સ્કુલ/કોલેજના બાળકો પણ ટુ–વ્હીલર પર આવતાં જતાં હોય છે. તદુપરાંત સિરામીક ઉદ્યોગના વિકાસ અન્વયે સિરામીક એકમોની સંખ્યામાં દિન–પ્રતિદિન વધારો થઈ રહેલ હોય, જેના કારણે અવરજવર કરતાં ભારે વાહનોની સંખ્યામાં પણ સતત વધારો થતો રહ્યો છે. મોરબી શહેરની મધ્યમાંથી દરરોજ ડેમુ ટ્રેન તેમજ ગુડઝ ટ્રેનોની સતત આવન–જાવન ને કારણે અવારનવાર ફાટક બંધ રહેવાથી ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. વાંકાનેર થી માળિયા(મિં.) બાજુ જતાં નેશનલ હાઈવે–૨૭ પર મોટા પ્રમાણમાં સિરામીકના કારખાના તેમજ અન્ય ઉદ્યોગોના ગોડાઉન આવેલ છે, આ કારખાનાઓ માલની આયાત–નિકાસ માટે જે ભારે વાહનોનો ઉપયોગ કરે છે, તે ભારે વાહનો કચ્છ, નવલખી બંદર તથા રાજકોટ બાજુ માલની હેરફેર માટે વાંકાનેર–કચ્છ–નવલખી હાઈવેનો ઉપયોગ કરવાને બદલે થોડુ ઓછું અંતર થાય તે માટે ટાઉન વિસ્તારમાંથી મોટા પ્રમાણમાં પસાર થાય છે, જેથી વાહન અકસ્માત થવાની અને મનુષ્યની જાનહાનિ થવાની સંભાવના વધી ગયેલ હોવાનું જણાવી, મોરબી શહેરમાં ભારે વાહનોનાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવો જરૂરી જણાતો હોય મોરબી શહેરમાં પ્રવેશતાં નીચે મુજબના રોડ ઉપર દરરોજ **સવારના ૦૯.૦૦ કલાક થી રાત્રિના ૨૧.૦૦ કલાક સુધી** ભારે વાહનોનાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવા બાબતનું કાયમી જાહેરનામું પ્રસિદ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, મોરબી તરફથી દરખાસ્ત થઈ આવેલ છે:–

૧. શોભેશ્વર રોડ, કુબેર સિનેમા સામે હાઈવે રોડ ઉપરથી શહેરમાં પ્રવેશતા રોડનાં ખૂણેથી પ્રવેશબંધ
૨. નજરબાગ રેલ્વે સ્ટેશન નજીકના રેલ્વે ફાટકથી પ્રવેશબંધ
૩. ગેંડા સર્કલથી પ્રવેશબંધ
૪. વેજીટેબલ રોડ ઉપર આવેલ સ્મશાનના મુખ્ય ગેઈટ સામે રોડ પરથી પ્રવેશબંધ
૫. નવલખી રોડ સેન્ટ મેરી સ્કુલ નજીક આવેલ રેલ્વે ફાટકથી પ્રવેશબંધ
૬. અમરેલી રોડ જે વીસીપરા ફાટકથી મોરબી શહેરમાં પ્રવેશે છે, તે ફાટકથી પ્રવેશબંધ
૭. વાવડી રોડ, પર આવેલ હનુમાન મંદિર(માધાપરનાં ખૂણે)થી પ્રવેશબંધ
૮. પંચાસર રોડ ઉપર આવેલ ગીતા ઓઈલ મિલથી પ્રવેશબંધ
૯. શનાળા રોડ ઉપર જી.આઈ.ડી.સી. નાકા પછી પ્રવેશબંધ
૧૦. રવાપર ચાર રસ્તા થી મોરબી શહેર અંદર આવતાં રસ્તે પ્રવેશબંધ
૧૧. જેલ રોડ ઉપર આવેલ ઈલેકિટ્રક સ્મશાનના મુખ્ય ગેઈટ સામે રોડ પરથી પ્રવેશબંધ

AGTTA
DT. : 17 / 1 /2019
File No. : 20

સબબ, પોલીસ અધિક્ષકશ્રી, મોરબી જિલ્લા, મોરબી તરફથી મળેલ દરખાસ્ત મુજબ, હું, આર. જે. માકડિયા, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી અમોને ગુજરાત પોલીસ અધિનિયમ – ૧૯૫૧ ની કલમ–૩૩(૧) બી અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબના રસ્તાઓ ઉપર સવારના ૦૯.૦૦ કલાક થી રાત્રિના ૨૧.૦૦ કલાક સુધી ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ બાબતનું કાયમી જાહેરનામુ બહાર પાડવા આથી, હુકમ કરવામાં આવે છે. જે મુજબ:–

૧. શોભેશ્વર રોડ કુબેર સિનેમા સામે હાઈવે રોડ ઉપરથી મોરબી શહેરમાં પ્રવેશતાં રોડના ખૂણેથી પ્રવેશબંધ
૨. નજરબાગ રેલ્વે સ્ટેશન નજીકના રેલ્વે ફાટકથી પ્રવેશબંધ
૩. ગેંડા સર્કલથી પ્રવેશબંધ
૪. વેજીટેબલ રોડ ઉપર આવેલ સ્મશાનના મુખ્ય ગેઈટ સામે રોડ પરથી પ્રવેશબંધ
૫. નવલખી રોડ સેન્ટ મેરી સ્કુલ નજીક આવેલ રેલ્વે ફાટકથી પ્રવેશબંધ
૬. અમરેલી રોડ જે વીસીપરા ફાટકથી મોરબી શહેરમાં પ્રવેશે છે, તે ફાટકથી પ્રવેશબંધ
૭. વાવડી રોડ, પર આવેલ હનુમાન મંદિર(માધાપરનાં ખૂણે)થી પ્રવેશબંધ
૮.પંચાસર રોડ ઉપર આવેલ ગીતા ઓઈલ મિલથી પ્રવેશબંધ
૯. શનાળા રોડ ઉપર જી.આઈ.ડી.સી. નાકા પછી પ્રવેશબંધ
૧૦. રવાપર ચાર રસ્તા થી મોરબી શહેર અંદર આવતાં રસ્તે પ્રવેશબંધ
૧૧. જેલ રોડ ઉપર આવેલ ઇલેકિટ્રક સ્મશાનના મુખ્ય ગેઈટ સામે રોડ પરથી પ્રવેશબંધ

<u>મુકિત</u>:–

ગુજરાત રાજય વાહન વ્યવહાર નિગમના વાહનો, ફાયર ફાઈટર, સ્કુલ/કોલેજના વાહનો તેમજ પુર્વમંજૂરી મેળવેલ હોય તેવા વાહનોને આ જાહેરનામાની જોગવાઈઓના અમલમાંથી મુકિત આપવામાં આવે છે.

<u>શિક્ષા</u>:–

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર બનશે.

આજ તા.૦૬, માહે :–સપ્ટેમ્બર–૨૦૧૮ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેરનામુ બહાર પાડેલ છે.

પ્રમાણિત કર્યુ

(સહી)

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
મોરબી જિલ્લા, મોરબી

સહી:–આર.જે.માકડિયા
જિલ્લા મેજીસ્ટ્રેટ
મોરબી જિલ્લા, મોરબી

<u>નકલ જયભારત સાથ રવાના :</u>

૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૨) ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રી, મોરબી જિલ્લા, મોરબી

૩) ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, મોરબી

૪) પોલીસ અધિક્ષકશ્રી, મોરબી જિલ્લા, મોરબી ( ૫ –નકલો સાથે.)

આ જાહેરનામાની જાહેરાત લાઉડ સ્પીકર ધ્વારા કરીને આ હુકમથી અસર પામતા વિસ્તારોમાં જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડી પ્રસિધ્ધિ આપવા સારું.

૫) વિભાગીય નિયામકશ્રી, એસ.ટી.રાજકોટ, ગોંડલ રોડ, રાજકોટ.

૬) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન, સ્ટેટ, જિલ્લા સેવા સદન–મોરબી

૭) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મોરબી/હળવદ

૮) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મોરબી.

૯) મામલતદારશ્રી, મોરબી–માળિયા(મિં.)

૧૦) ચીફ ઓફિસરશ્રી, મોરબી નગરપાલિકા/માળિયા(મિં.) નગરપાલિકા

૧૧) પોલીસ ઈન્સ્પેકટર/પોલીસ સબ ઈન્સપેકટરશ્રી, મોરબી સીટી એ–ડિવિઝન પો. સ્ટે., મોરબી સીટી બી–ડિવિઝન પો. સ્ટે., મોરબી તાલુકા પો. સ્ટે. તથા માળિયા(મિં.) તાલુકા પો. સ્ટે.

(પોલીસ અધિક્ષકશ્રી, મોરબી જીલ્લો,મોરબી મારફત)

હુકમ મુજબ અમલવારી કરવા તથા વાંકાનેર શહેરના દરેક જાહેર સ્થળો પર જાહેરનામું પ્રસિદ્ધ કરાવી તેના પંચરોજકામની નકલ અત્રેને મોકલી આપવા સારૂ.

૧૨) સહાયક માહિતી નિયામકશ્રી, મોરબી જિલ્લા, મોરબી

રાજકોટથી પ્રસિધ્ધ થતા વર્તમાનપત્રોમાં વિના મુલ્યે પ્રસિધ્ધી આપવા તથા તેની કાપલીઓ મોકલવા વિનંતી.

૧૩) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

ગુજરાત રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધી કરી તેની ૫ નકલો મોકલવાની વિનંતી સાથે.

૧૪) પોલીસ ઇન્સપેકટરશ્રી, મોરબી રેલ્વે પો. સ્ટે., મોરબી

૧૫) પોલીસ સબ ઇન્સપેકટરશ્રી, માળિયા(મિં.), રેલ્વે પો. સ્ટે., માળિયા(મિં.)